# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૦ તા.૧૫-૧૧-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- રાજ્ય સરકારશ્રી દ્વારા ૧૦૦ દિવસના એકશન પ્લાન અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિના લાભ આપવા બાબત.

સંદર્ભઃ- નં.મક/આવિ/શિક્ષણ/૨૦૨૧-૨૨/૩૪૦૭-૦૮ મદદનીશ કમિશનરશ્રી(આ.વિ.) ની કચેરીનો તા.૦૩/૧૧/૨૦૨૧ નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૧-૨૨માં ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયનું આગામી ૧૦૦ દિવસ દરમ્યાન તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ / ગણવેશ સહાયનો લાભ આપવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. સદર યોજનાનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન દરખાસ્તો મેળવી શિષ્યવૃત્તિનો લાભ મંજૂર કરવામાં આવે છે. આ સાથે સામેલ યાદી મુજબની શાળાઓ દ્વારા આદિજાતિના વિદ્યાર્થીઓની દરખાસ્ત તૈયાર કરવાની અને ચકાસણી કરી મંજૂરી અર્થે રજુ કરવાની બાકી હોવાથી બાકી રહેતી શાળાઓના વિદ્યાર્થીઓની દરખાસ્ત મંજૂરી અર્થે રજુ કરવાની રહેશે.

હાલ સુધીમાં શાળા દ્વારા શિષ્યવૃત્તિ / ગણવેશ સહાયની દરખાસ્ત મોકલી આપેલ હોય તો તે શાળાએ કોઈ વિદ્યાર્થી બાકી રહેતા નથી, તેની ખાતરી કરી કોઈ વિદ્યાર્થી લાભથી વંચિત રહેતા નથી તેવું પ્રમાણપત્ર તથા જો કોઈ શાળામાં અનુ.જનજાતિના વિદ્યાર્થી અભ્યાસ કરતા ન હોય તો શૂન્ય રીપોર્ટ મદદનીશ કમિશનર, આદિજાતિ વિકાસ, અમદાવાદની કચેરી તરફથી નિયુકત કરવામાં આવેલ નોડલ ઓફિસરશ્રી કિશોરભાઈ પટણી(મો.નં.૮૪૦૧૨૩૮૮૬૮) પર વોટ્સએપ કરવાનું રહેશે.

ઉકત વિગતે રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત કરેલ ૧૦૦ દિવસના એકશન પ્લાન મુજબ તમામ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર લાભ મળી રહે તે માટે સદર કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. નિયત કરેલ ૧૦૦ દિવસના એકશન પ્લાન બાદ જો કોઈ શાળામાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિના લાભથી વંચીત રહેશે તો જે-તે મુખ્ય શિક્ષકશ્રીની નિષ્કાળજી સમજી તેમના વિરૂદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. સદર કામગીરી માટે જો કોઈ શાળાએ માર્ગદર્શનની જરૂરિયાત રહેતી હોય તો નોડલ ઓફિસરશ્રી કિશોરભાઈ પટણી(મો.નં.૮૪૦૧૨૩૮૮૬૮)નો સંપર્ક કરી કામગીરી પૂર્ણ કરવાની રહેશે. જેની નોંધ લેશો.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૫-૧૧-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

અત્યંત જરૂરી
સમય-મર્યાદા

નં.મક/આવિ/શિક્ષણ/૨૦૨૧-૨૨/૩૪૦૭-૦૮
મદદનીશ કમિશ્નર(આ.વિ.)ની કચેરી
એ બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન
લાલ દરવાજા, અમદાવાદ
તા. ૦૩/૧૧/૨૦૨૧

પ્રતિ,
શાસનાધિકારીશ્રી,
શાસનાધિકારીશ્રી ની કચેરી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતી,
નવરંગપુરા,
જિલ્લો – અમદાવાદ

વિષય:- રાજ્ય સરકારશ્રી દ્વારા ૧૦૦ દિવસના એક્શન પ્લાન અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિના લાભ આપવા બાબત.

સવિનય ઉકત વિષય અન્વયે ગુજરાત સરકારશ્રીના આગામી ૧૦૦ દિવસમાં લાભાર્થીઓને આપવાના થતા લાભો અંગેના એક્શન પ્લાન અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત આપવાના થતા લાભો અંગેની કામગીરી નિયત કરેલ છે.

આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓ પૈકી (૧) આદિજાતિ કુટુંબના ધો. ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રી-મેટ્રીક શિષ્યવૃત્તિ (રાજ્ય સરકાર), (૨) ગણવેશ સહાય ( ધો. ૧ થી ૮), (૩) પ્રી-મેટ્રીક શિષ્યવૃત્તિ ભારત સરકાર (ધો. ૯ થી ૧૦) અંતર્ગત આગામી ૧૦૦ દિવસ દરમિયાન તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તથા ગણવેશ નો લાભ આપવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. સદર યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર સબંધીત શાળા પાસેથી પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ઓનલાઈન દરખાસ્તો મેળવી અત્રેની કચેરી દ્વારા શિષ્યવૃત્તિનો લાભ મંજુર કરવામાં આવે છે. શૈક્ષણીક વર્ષ ૨૦૨૧-૨૨ માં આ યોજના હેઠળ દરખાસ્તો મેળવી શિષ્યવૃત્તિનો લાભ આપવાની કાર્યવાહી શરૂ છે પરંતુ હજુ ઘણી શાળાઓ દ્વારા આદિજાતિના વિદ્યાર્થીઓની દરખાસ્ત તૈયાર કરવાની અને ચકાસણી કરી મંજુરી અર્થે રજુ કરવાની બાકી રહે છે. જેથી બાકી રહેતી તમામ શાળાઓને આપની કક્ષાએથી રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત કરેલ ૧૦૦ દિવસના એક્શન પ્લાન ધ્યાને રાખીને સત્વરે શાળા કક્ષાએથી બાકી રહેતી દરખાસ્તો અત્રેની કચેરીને મંજુરી અર્થે રજુ કરવાની સૂચના થઈ આવવા વિનંતી.

હાલ સુધીમાં શાળા દ્વારા શિષ્યવૃત્તિ/ગણવેશની દરખાસ્ત મોકલી આવેલ હોય તો તે શાળાએ કોઈ વિદ્યાર્થી બાકી રહેતા નથી. તેની ખાતરી કરી કોઈ વિદ્યાર્થી લાભથી વંચીત રહેતા નથી તેવુ પ્રમાણપત્ર તથા જો કોઈ શાળામાં અનુ. જનજાતિના વિદ્યાર્થી અભ્યાસ કરતા ન હોય તો શૂન્ય રીપોર્ટ પણ નીચે દર્શાવેલ નોડલ ઓફિસરના મોબાઈલ નંબર પર વોટ્સએપ કરવાની સૂચના થઈ આવવા વિનંતી.

ઉક્ત વિગતે રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત કરેલ ૧૦૦ દિવસના એક્શન પ્લાન બાદ જો કોઈ શાળામાં અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિના લાભથી વંચીત રહેશે તો સંબંધીત શાળાના આચાર્યશ્રીની નિષ્કાળજી સમજી તેમના વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જેથી તમામ શાળાઓને સદર કામગીરી સમય મર્યાદામા પૂર્ણ કરવાની હોય અને તમામ અનુ. જનજાતિના બાળકોને એક્શન પ્લાન મુજબ મળવા પાત્ર લાભ મળી રહે તે માટે આપની તાબાના તમામ આચાર્યશ્રીઓને આપની કક્ષાએથી સૂચના પરીપત્રીત થઈ આવવા વિનંતી.

ઉપરોક્ત કામગીરી માટે જો કોઈ શાળાને માર્ગદર્શનની જરૂરિયાત રહેતી હોય તો અત્રેની કચેરી તરફથી શ્રી કિશોર પટણી (મો. ૮૪૦૧૨૩૮૮૬૮) ને આ યોજનાના નોડલ તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે તેઓનો સંપર્ક કરી કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
અમદાવાદ

નકલ સવિનય રવાના :
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

| CITY | | | | | ST | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| School Name | SSA Code | Total Students | School Type | Principal Mobile Number | ST | ST Inproposal | ST Not In proposal | ST Verified |
| NIKOL PRI.SCHOOL | 24070501713 | 808 | Local body | 9909307033 | 15 | 6 | 9 | 7 |
| DIGAVI GUJ I PRI. SCHOOL | 24070501006 | 43 | Local body | 9898694357 | 9 | 3 | 6 | 3 |
| SARKARI VASAHAT VASTRAPUR PRI | 24070501511 | 230 | Local body | 7778042700 | 40 | 34 | 6 | 40 |
| NAVA NARODA GUJ PRI SCHOOL | 24070501728 | 209 | Local body | 9824515304 | 10 | 6 | 4 | 10 |
| SARKHEJ KANYA SCHOOL - 1 | 24070501204 | 274 | Local body | 9998214084 | 11 | 8 | 3 | 10 |
| VASTRAPUR RAILWAY STATION | 24070501630 | 368 | Local body | 9913011528 | 10 | 8 | 2 | 10 |
| GHATLODIYA - 1 PRIMARY SCHOOL | 24070500239 | 764 | Local body | 9712075566 | 11 | 9 | 2 | 9 |
| PAY CENTER SCHOOL VEJALPUR | 24070501601 | 272 | Local body | 9624082837 | 9 | 8 | 1 | 9 |
| CHANDLODIYA - 1 PRIMARY SCHOOL | 24070500117 | 969 | Local body | 6356023732 | 28 | 27 | 1 | 28 |
| GHATLODIYA - 3 PRIMARY SCHOOL | 24070500241 | 142 | Local body | 9426478558 | 5 | 4 | 1 | 5 |
| GYASPUR PRIMARY SCHOOL | 24070500301 | 335 | Local body | 9723258325 | 5 | 4 | 1 | 4 |
| MEMNAGARI PRI. SCHOOL - 1 | 24070500702 | 490 | Local body | 9714274501 | 19 | 18 | 1 | 19 |
| RANIPI PRI. SCHOOL - 3 | 24070501029 | 282 | Local body | 8849290466 | 18 | 17 | 1 | 18 |
| SABARMATI JAIL PRIMARY SCHOOL | 24070501119 | 201 | Local body | 9726409908 | 4 | 3 | 1 | 4 |